# બલરામ જયંતી : શક્તિ, સેવા અને ભક્તિનો દિવ્ય સંદેશ

ધર્મરંગ

વ્યોમા સેલર



સનાતન વૈદિક પરંપરામાં ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને લીલાઓ જેટલું જ ભગવાન બલરામનું સ્થાન પણ અતિ વિશિષ્ટ છે. શ્રાવણ માસની પૂર્ણિમાના પાવન દિવસે શ્રીકૃષ્ણના મોટા ભાઇ બલરામજીનું પ્રાગટ્ય થયું હતું.

બલરામ જયંતી ભગવાન બલરામના પ્રાગટ્યની સ્મૃતિમાં મનાવવામાં આવે છે. ભગવાન બલરામને શ્રીકૃષ્ણના જ્યેષ્ઠ ભાઈ તથા આદિ-ગુરુ તરીકે પૂજવામાં આવે છે. તેમનું સ્વરૂપ ભક્તિ, શક્તિ, સત્ય અને સેવાનું પ્રતીક છે.

ભગવાન બલરામના હાથમાં રહેલું હળ અને મુશળ માત્ર શસ્ત્ર નથી પરંતુ આધ્યાત્મિક જીવનના ગહન સંદેશને વ્યક્ત કરે છે. હળ જમીનને ખેડીને તેમાં રહેલા બીજને અંકુરિત થવા માટે તૈયાર કરે છે. એ જ રીતે ગુરુકૃપા અને આધ્યાત્મિક જ્ઞાન મનુષ્યના અંતરમનને શુદ્ધ કરીને તેમાં ભક્તિનું બીજ વાવે છે. આપણા હૃદયમાં રહેલા અહંકાર, આસક્તિ, ક્રોધ અને અજ્ઞાનના કઠણ પડને દૂર કરીને ભગવાન પ્રત્યે પ્રેમ જગાડવો એ બલરામજીના હળનો આધ્યાત્મિક સંદેશ છે.

બલરામજીને આદિ-ગુરુ કહેવામાં આવે છે. ગુરુનો અર્થ માત્ર જ્ઞાન આપનાર વ્યક્તિ નથી, પરંતુ જે આપણને અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢીને પરમાત્મા તરફ દોરી જાય તે ગુરુ. ભગવાન બલરામનું જીવન આપણને શીખવે છે કે આધ્યાત્મિક માર્ગ પર આગળ વધવા માટે સાચા માર્ગદર્શન અને વિનમ્રતાની જરૂર છે. પોતાની શક્તિ હોવા છતાં બલરામજી હંમેશાં શ્રીકૃષ્ણની સેવામાં સમર્પિત રહ્યા. આ આપણને સમજાવે છે કે સાચી શક્તિ એ બીજાને દબાવવામાં નહીં પરંતુ ભગવાન અને સમાજની સેવામાં પોતાનું સામર્થ્ય સમર્પિત કરવામાં છે.

બલરામજીનું બીજું મહત્ત્વપૂર્ણ સ્વરૂપ સેવા છે. વૈષ્ણવ પરંપરામાં તેમને ભગવાનની નિરંતર સેવા કરનાર દિવ્ય શક્તિ તરીકે જોવામાં આવે છે. મંદિર, ધામ, આસન, શય્યા અને ભગવાનની લીલામાં ઉપયોગી અનેક સ્વરૂપો દ્વારા તેઓ શ્રીકૃષ્ણની સેવા કરે છે. તેથી બલરામ જયંતી આપણને એક સુંદર પ્રશ્ન પૂછે છે–આપણી શક્તિ અને પ્રતિભાનો ઉપયોગ આપણે કોની સેવા માટે કરીએ છીએ?

આધુનિક જીવનમાં મનુષ્ય પાસે સુખ-સુવિધાઓ તો વધી છે પરંતુ આંતરિક શાંતિ ઘણી વાર ઓછી થઈ રહી છે. સ્પર્ધા, તણાવ અને અહંકાર જીવનને અશાંત બનાવે છે. બલરામજીનું સ્મરણ આપણને શીખવે છે કે

> **ભગવાન બલરામના હાથમાં રહેલું હળ અને મુશળ માત્ર શસ્ત્ર નથી પરંતુ આધ્યાત્મિક જીવનના ગહન સંદેશને વ્યક્ત કરે છે. હળ જમીનને ખેડીને તેમાં રહેલા બીજને અંકુરિત થવા માટે તૈયાર કરે છે, એ જ રીતે ગુરુકૃપા અને આધ્યાત્મિક જ્ઞાન મનુષ્યના અંતરમનને શુદ્ધ કરીને તેમાં ભક્તિનું બીજ વાવે છે, આપણા હૃદયમાં રહેલા અહંકાર, આસક્તિ, ક્રોધ અને અજ્ઞાનના કઠણ પડને દૂર કરીને ભગવાન પ્રત્યે પ્રેમ જગાડવો એ બલરામજીના હળનો આધ્યાત્મિક સંદેશ છે**

જીવનમાં શક્તિ જરૂરી છે પરંતુ તે શક્તિ સાથે વિનમ્રતા અને ભક્તિ પણ હોવી જોઈએ. શરીરની શક્તિ કરતાં મનની સ્થિરતા અને આત્માની શક્તિ વધુ મહત્ત્વપૂર્ણ છે.

બલરામ જયંતીના દિવસે ભક્તો ભગવાન બલરામની પૂજા કરે છે, શ્રીકૃષ્ણના નામનું સ્મરણ કરે છે, ભગવદ્‌ભક્તિમાં સમય વિતાવે છે અને સાત્ત્વિક જીવન જીવવાનો સંકલ્પ કરે છે.

આ દિવસે માત્ર ધાર્મિક વિધિ કરવી પૂરતી નથી; બલરામજીના ગુણોને આપણા જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરવો એ સાચી ઉજવણી છે. બલરામજી આપણને ત્રણ અમૂલ્ય સંદેશ આપે છે– શક્તિને સેવામાં વાપરો, જ્ઞાન માટે ગુરુનો આશ્રય લો અને જીવનને ભગવાનની ભક્તિથી પવિત્ર બનાવો. હળ જેમ જમીનને તૈયાર કરે છે તેમ ભક્તિ આપણા હૃદયને પરમાત્માના પ્રેમ માટે તૈયાર કરે છે.

આ બલરામ જયંતીએ આપણે પ્રાર્થના કરીએ કે ભગવાન બલરામ આપણા અંતરમાં રહેલા અજ્ઞાન અને અહંકારને દૂર કરે, આપણને સદ્‌ગુરુના ચરણોમાં સ્થિર રાખે અને શ્રીકૃષ્ણ પ્રત્યે નિષ્કપટ પ્રેમ અને ભક્તિ પ્રદાન કરે.

બલરામજીની કૃપાથી જીવનમાં સાચી શક્તિ, સદ્‌બુદ્ધિ, સેવા અને ભક્તિનો પ્રકાશ સદા જળવાઈ રહે – એ જ બલરામ જયંતીનો સાચો આધ્યાત્મિક સંદેશ છે.

બલરામજીનું સ્મરણ આપણને માત્ર શક્તિ મેળવવાની નહીં પરંતુ શક્તિને ભગવાનની સેવા અને માનવકલ્યાણમાં સમર્પિત કરવાની પ્રેરણા આપે છે. તેમના ચરણોમાં શ્રદ્ધા રાખીને જીવનમાં સદાચાર, વિનમ્રતા અને ભક્તિનો વિકાસ કરવો એ જ તેમની સાચી ઉપાસના છે.

# મહાન સંહાર

ઓશો વાણી

જેમ જેમ જૂનું ઠાંચું પડતું જાય છે તેની જગ્યા એ નવું વિજ્ઞાન અને નવી ધાર્મિકતાના સૃજનના અવસર બને છે. આપણે સર્વાધિક મહત્ત્વપૂર્ણ સમયમાં જીવી રહ્યા છીએ કારણ કે આ સમય મહાન સંહારનો છે. ક્યાં તો માનવતા સમાપ્ત થઈ જશે ક્યાં તો એક આખું નવું જીવન જીવવાની રીત આવશે, આ ક્ષણ ઘણી નાજુક છે. આ મહાનતમ સંકટની ક્ષણ છે. જે મનુષ્યે ક્યારેય જોઈ હતી, ધર્મે અડધી સૃષ્ટિનો વિનાશ કરી દીધો છે -અંતરની દુનિયાને અને વિજ્ઞાન બીજા ભાગને નષ્ટ કરી રહ્યું છે. આપણને એક અલગ જ પ્રકારના ધર્મની જરૂર છે અને એક અલગ જ પ્રકારના વિજ્ઞાનની -વિજ્ઞાન જે પર્યાવરણને મદદ કરે અને આપણને એક અલગ જ પ્રકારના ધર્મની જરૂર છે - ધર્મ જે તમને સ્વતંત્રતા આપે છે નહીં કે ગુલામી જે તમને સ્વયં થવામાં મદદ કરે જે છેતરામણી ન હોય, વિજ્ઞાન પદ્ધતિની સાથે બળાત્કાર કરી રહ્યું છે અને ધર્મ તમારી અંતસની ચેતના ઉપર બળાત્કાર કરી રહ્યું છે. બન્ને અસફળ થઈ ગયા છે. બન્ને વિધ્વંસાત્મક રહ્યા છે. એક નવા દર્શનની જરૂર છે. આના પહેલાં ક્યારેય આવી જરૂરત નહોતી જેટલી હમણાં છે કારણ કે બહુ સીમિત

> **આપણને એક અલગ જ પ્રકારના ધર્મની જરૂર છે અને એક અલગ જ પ્રકારના વિજ્ઞાનની - વિજ્ઞાન જે પર્યાવરણને મદદ કરે અને આપણને એક અલગ જ પ્રકારના ધર્મની જરૂર છે - ધર્મ જે તમને સ્વતંત્રતા આપે છે નહીં કે ગુલામી**



સમય બચેલો છે. પૃથ્વીને નષ્ટ કરવાની ક્ષમતા એટલી વિશાળ છે કે તમે વિચારી પણ નહીં શકો કે આપણે નષ્ટ કરવાની કેટલી બધી ક્ષમતા અર્જીત કરી લીધી છે અને આપણે રોજ પ્રત્યેક દિવસે આનો ઢગલો કરતા જઈએ છીએ. આનાથી કોઈ ફર્ક નથી પડતો કે કોઈ સામ્યવાદી દેશ હોય યા પૂંજીવાદી દેશ હોય પરંતુ પ્રત્યેક દેશ પોતાની બધી જ ઊર્જા યુદ્ધ માટે ખર્ચી રહ્યું છે, વિધ્વંસ માટે ખર્ચી રહ્યું છે. આપણે જ્વાળામુખીની ઉપર બેઠા છીએ. આપણી પોતાની બનાવેલી, આપણું પોતાનું નિર્માણ આ કોઈ પણ ક્ષણે ફૂટી શકે છે. આ ફૂટે તેના પહેલાં આપણે એક નવા વિજ્ઞાન અને નવો ધર્મ શોધવો પડશે. સત્ય તો એ છે કે નવું વિજ્ઞાન અને નવો ધર્મ બન્ને અલગ-અલગ વસ્તુઓ નથી. તે પૃથક છે કારણ કે તમારી અંદર ભેદ ઉત્પન્ન કરવામાં આવ્યો છે : શરીર અને આત્મા, આ સંસાર અને તે, અંદર અને બાહ્ય, પુરુષ અને સ્ત્રી, દિવસ અને રાત, આ ભેદોના કારણે વિજ્ઞાન અને ધર્મ દ્વંદ્વમાં રહ્યા છે- આ કારણે તમારું શરીર અને તમારો આત્મા સંઘર્ષમાં રહ્યા છે. નવો ધર્મ અને નવું વિજ્ઞાન બે અલગ-અલગ વસ્તુઓ નહીં હશે તે એક જ વસ્તુ હશે. તમે આને ધર્મ વિજ્ઞાન અથવા તમે જે ઈચ્છો તેને કહી શકો છો પરંતુ તે એક વસ્તુ હશે. તેણે એક જ હોવું જોઈએ કારણ કે મનુષ્ય એક છે. બાહ્ય અને આંતરિક દ્વંદ્વમાં નથી તે એક જ સિક્કાનાં બે પાસાં છે. જો મનુષ્ય બુદ્ધિમાન હોય તો તેની પાસે અલગ જ પ્રકારની દુનિયા હશે. બધા જ આયમમાં વધુ સ્વાભાવિક, વધુ લયબદ્ધ, વધુ કાવ્યપૂર્ણ. બન્ને આંતરિક અને બાહ્યને મોટા ફેરફારની જરૂર છે. બન્નેએ ઘણું દુઃખ જોયું છે પરંતુ તેને પુનર્જીવિત કરી શકાય છે. જો કે ઘણું બધું વિષ નીકળી ચૂકયું છે, તે વિષને વ્યવસ્થાથી બહાર કાઢવું પડશે, વ્યવસ્થાને હજુ પણ શુદ્ધ કરી શકાય છે. હજુ પણ આશા છે.

આ મારી આશાના કારણે હું એક નવા પ્રકારની ચેતનાનું નિર્માણ કરી રહ્યો છું. જ્યાં ધર્મ અને વિજ્ઞાન મળી શકે છે. જ્યાં પૂર્વ અને પશ્ચિમ મળી શકે છે- ભવિષ્યમાં અહીં કોઈ પૂર્વ અને પશ્ચિમ ન હોવું જોઈએ જ્યાં તમામ દ્વૈત પડી જાય છે અને અદ્વૈતનો અનુભવ થાય. તે અદ્વૈત દિવ્ય છે.(ઓશો : 'ધ સિક્રેટ' પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)